Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-3, Issue-8, Continuous Issue-24, March - April 2024

# કચ્છી સાહિત્યનો ધબકાર : દુલેરાય કારાણી

- પરમાર મધુ

એલ

**"જેમ સોરઠને સાંપડયો, મરમી મેઘાણી;**

**એમ કચ્છમાં આંબો કોળિયો, કલમે કારાણી"**

**-ભગુભાઈ રોહડિયા**

કચ્છના મેઘાણી ગણાતા દુલેરાય કારાણીનો જન્મ ૨૬ ફેબ્રુઆરી,૧૮૯૬માં કચ્છ જિલ્લાના મુંદ્રા ગામમાં થયો હતો. દુલેરાય કારાણીને નાનપણથી સાહિત્ય સર્જનની પ્રેરણા મળવા લાગી હતી. માતા દ્વારા રોજ રાતે વાર્તા સાંભળવાનો એમનો નિત્યકર્મ બની રહેતો. પિતા પાસેથી સાંજના સમયે સાંભળવામાં આવતા લોકસાહિત્યરૂપી દુહાઓ,લોકકથાઓ,લોકગીતો વગેરેનો ખજાનો દુલેરાય કારાણીને સાહિત્ય સર્જનની પ્રેરણા પૂરી પાડવામાં મદદરૂપ બની રહે છે. દુલેરાય કારાણીને કચ્છ અને કચ્છની લોકસંસ્કૃતિ પ્રત્યે અપાર સ્નેહ હતો.

દુલેરાય કારાણીએ માત્ર દસ ચોપડીનો અભ્યાસ કર્યો હતો. રાત્રિ શાળામાં જઇને તેઓએ સિંધી, ઉર્દૂ, વ્રજ, ફારસી અને અંગ્રેજી જેવી ભાષાઓ શીખ્યા હતા. મુંદ્રાના ગુંદયાળી ગામમાં શિક્ષક તરીકે તેમણે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. કચ્છના મહારાવ મદનસિંહજી જે પહલેથી જ સાહિત્યપ્રેમી જીવ હતા. એકવાર દુલેરાય કારાણીએ મદનસિંહજીને 'સાવજ જો શિકાર' નામની કવિતા સંભળાવી. આ કવિતા સાંભળીને મહારાવ ખૂબ ખુશ થઇ ગયા. દુલેરાય કારાણીની કીર્તિના સમાચાર કચ્છના મહારાવ મદનસિંહજીના કાને પડે છે ત્યાર પછી તેમણે કારાણીના કાવ્યોને 'કારાણી કાવ્યકુંજ' નામે છપાવવા માટે મંજૂરી આપી. આમ, દુલેરાયને રાજ્યાશ્રય મળ્યો. જેનું પરિણામ એ આવ્યું કે, દુલેરાયને શિક્ષકમાંથી કચ્છ રાજ્યના કેળવણી ખાતામાં મદદનીશ નિરીક્ષક અધિકારી તરીકેની બઢતી મળી. દુલેરાય કારાણી મદદનીશ નિરીક્ષક અધિકારી બન્યા પછી સમગ્ર કચ્છમાં જવાનું થાય છે, જેના કારણે દુલેરાય કચ્છના લોકગીતો, લોકકથાઓ, સંસ્કૃતિ, પરંપરાઓ, તથા કચ્છના ઇતિહાસથી પ્રત્યક્ષ માહિતગાર થાય છે.ઝવેરચંદ મેઘાણીને દરબાર વાજસુર વાળા મળ્યા હતા એમ દુલેરાય કારાણીને જૈન મુનિ શ્રી કલ્યાણચંદ્રજી મળી ગયા. એમણે દુલેરાય કારાણીના હૃદયમાં કચ્છી લોકસાહિત્ય પ્રત્યે પ્રેમ ઉત્પન્ન કરવામાં મોટો ફાળો આપ્યો છે. પૂર્વે પિતા દ્વારા જે બીજ રોપાયું હતું તે છોડને જૈન મુનિ કલ્યાણચંદ્રજીએ ખાતર-પાણી આપવાનું કામ કર્યું.

દુલેરાય કારાણી સાહિત્યક્ષેત્રે બહુમુખીપ્રતિભા ધરાવતા સર્જક હતા.તેમણે કચ્છી કાવ્યો, ગુજરાતી કાવ્યો,કચ્છી નાટકો, નવલકથા,જીવનચરિત્રો ઉપરાંત બાળસાહિત્યમાં કચ્છી બાલગીતો, કચ્છી જોડકણાં, કચ્છી બાલવાર્તાઓ,કચ્છી સુભાષિતો,કચ્છી પિરોલી( ઉખાણાં) અને કોશ સાહિત્ય,કચ્છી કહેવતો વગેરેનું સર્જન કર્યું હતું.

દુલેરાય કારાણીએ કચ્છી ભાષાની પ્રથમ પોથી **'પા પા પગલી'**ની રચના કરી.જેના થકી કોઈને પણ કચ્છી ભાષા શીખવી હોય તો તે શીખી શકે. કચ્છી ભાષા લિપિવિહોણી હતી તેને પોતાની

કોઈ લિપિ નહોતી ત્યારે આ ભાષા શીખવામાં કોઈને તકલીફ ન પડે એ માટે આ પોથી ખૂબ મહત્વની બની રહે છે.આ પોથીએ કચ્છી ભાષાને ખૂબ પ્રસારિત કરવાનું કામ કર્યું છે અને આજે પણ કરી રહી છે. કચ્છની બોલી-વાણીમાં દુલેરાય કારાણીએ ઘણા કાવ્યો લખેલા છે,

**"કચ્છી બોલો મહારાણી, બઈયું બોલિયું ભરીં પાણી,**

**કારાણી જે હિંયડે જો હાર બોલી કચ્છ જી..."**

**"મિઠો લગેતો મૂંકે,કચ્છ જી ધીંગી ધરતી જો પાણી,**

**મિણિયાં મૂંકે મિઠી લગેતી,કોડીલી કચ્છી વાણી."**

દુલેરાય કારાણીએ સૌપ્રથમ ઇ.સ.૧૯૩૦માં 'કચ્છના રસઝરણાં', અને 'કચ્છી કહેવતો'એ બે પુસ્તકો પ્રકાશિત થયા. આ બંને પુસ્તકોને કચ્છના સાહિત્યપ્રેમીઓની ખૂબ જ લોકચાહના મળી જેણે દુલેરાયમાં ઉત્સાહ પુરવાનું કામ કર્યું. પછી તો તેમણે તેમનું લેખન, સંશોધન,સંપાદનનું કામ અવિરત ચાલુ જ રાખ્યું .

ગુજરાતી સાહિત્યમાં કરૂણપ્રશસ્તિ કવિતાઓ લખાતી આવી છે. દુલેરાય કારાણીએ પોતાની પત્નીના અવસાન બાદ તેમની યાદમાં 'સોનલ-બાવની' જેવી પ્રશસ્તિ કાવ્યની રચના કરી. જેમાં તમને બાવન જેટલા અલગ અલગ કાવ્યો રચેલા છે. જેને વાંચતાં ભલભલાની આંખમાં આંસુ આવી જાય. આ ઉપરાંત પણ તેમણે બીજી છ બાવનીની રચના કરેલી જેમાં કચ્છ કલ્યાણ બાવની, ગાંધી બાવની, દયાનંદ-બાવની, મહાવીર-બાવની, માકડેજી મુડસાઇ બાવની, કિસ્સા બાવનીનો સમાવેશ થાય છે.

**'કચ્છના ભક્તિમાન કવિઓ'** નામના પુસ્તકમાં દુલેરાય ચોવીસ જેટલા કચ્છના કવિઓની વાત કરી છે. આ પુસ્તકમાં તેમણે કવિઓની રચનાઓ સાથે સાથે તેમના જન્મની વિગતો પણ મૂકી છે. આ રચનાઓનો શિષ્ટ ગુજરાતીમાં ભાવાર્થ પણ આપેલો છે, તે દુલેરાય કારાણીના પુસ્તકની ખાસ વિશેષતા છે. જેમને કચ્છી ભાષા નથી આવડતી તે પણ કચ્છ પ્રદેશના આ ભક્ત કવિઓની રચનાઓને માણી શકે છે.કવિશ્રી કનકકુશળજી, મહાકવિ જાડેજા ઉન્નડજી, સંત મહાત્મા ઈશ્વરરામજી, પંડિત પરિમલ, ભક્તકવિ થાર્યા માણશી, કવિ સાજન ભાગત, કચ્છની કવિયિત્રી રતનબાઈ વગેરે જેવા ઘણા કવિઓ કાળની ગર્તામાં ગરક થઈ જાય એ પહેલા દુલેરાયે આ કવિઓના સાહિત્યને એકત્ર કરીને પુસ્તક રૂપે પ્રકાશિત કર્યું. દુલેરાય કારાણીના આ પુસ્તકનું કચ્છના સંતસાહિત્યમાં મોટું યોગદાન ગણાય છે.

કચ્છનું લોકસાહિત્ય સમૃદ્ધ અને વૈવિધ્યસભર છે. જેમાં શોર્યકથાઓની સાથે સાથે પ્રેમકથાઓ પણ એટલી જ રસપૂર્ણ છે, સાથે જ પાળિયાઓની કથાઓ તો કેમ ભૂલાય. દુલેરાય કારાણીએ કચ્છના લોકસાહિત્યમાં જે પ્રેમકથાઓ આલેખી છે તે આજે પણ એટલી અમર બની છે. મૂળે આ પ્રેમકથાઓ એમણે જીવરામ અજરામ ગોરની સહાયથી મેળવી હતી, જે આપણા પ્રથમ લોકસાહિત્યના સંશોધક ગણાય છે. જીવરામ અજરામ ગોરે આ પ્રેમકથાઓ ભાટ-ચરણો પાસેથી તો કેટલીક જૂના હસ્તલિખિત સાહિત્ય પરથી મેળવી હતી. જે **'મુંબઈ સમાચાર'**ના અંકોમાં પ્રકાશિત થઈ

હતી. દુલેરાય કારાણીએ  આ પ્રેમકથાઓને રણછોડભાઈ ઉદયરામ દવેએ તૈયાર કરેલા હસ્તલિખિત ગ્રંથ  કચ્છના ઇતિહાસમાં તપાસી ત્યારે એમને  બીજી પ્રેમકથાઓ પણ મળી આવી. આ બધી પ્રેમકથાઓનું સંકલન કરીને દુલેરાય કારાણીએ તેમને  'કચ્છના લોકસાહિત્યમાં પ્રેમકથાઓ' નામે સંપાદન કર્યું.  લાખો ફૂલાણી-જસમા ઓડણ, ભેરીઓ ગારુડી,ઓઢો જામ અને હોથલ પદમણી, લીલાં અને ચનેસર, સુહિંણી અને મેહણ જેવા અમર  પ્રેમીઓ આજે પણ કચ્છની પ્રજાના લોકહૈયામાં વસેલા છે, જેનું શ્રેય દુલેરાય કારાણીને ફાળે જાય છે. જો તેમણે આ પ્રેમકથાઓ શોધવાનું કામ ન કર્યું હોત તો આજે આ લોકકથાઓને આપણે  માણી   શકયા ન  હોત.

કચ્છની એક લોકકથા પરથી બનાવવામાં આવેલી ફિલ્મ 'હેલ્લારો' જે નેશનલ એવૉડથી સમ્માનિત કરવામાં આવી હતી. આ લોકકથા અંગે જાણીતા લોકકળાવિદ્ જોરાવરસિંહ જાદવ કહે છે કે, વ્રજવાણીના ઢોલીની આ લોકકથા સૌપ્રથમ દુલેરાય કારાણીએ બહાર લાવી હતી. એક લોકકથાના પ્રતાપે બનનારી આ ફિલ્મને જો નેશનલ એવૉડ મળતો હોય તો દુલેરાય કારાણીનું કરેલું આ કાર્ય પૂર્ણપણે સફળ  જ થયું કહેવાય. આ લોકકથામાં વ્રજવાણી ગામના  એક ઢોલી અને  આહિરાણીઓના આત્મબલિદાનની કથાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આવી તો ઘણી જ લોકકથાઓને દુલેરાય કારાણીએ  સંશોધન કરીને સંપાદિત કરી છે.

દુલેરાય કારાણીએ કચ્છી દુહાઓને સંપાદિત કરવાનું ઉત્તમ કામ કર્યું છે.જેમાં તેમણે કચ્છના પ્રદેશની વિવિધ ખાસિયાતોની વાત કરી છે,

**" ભલ ઘોડા, કાઠી ભલા,પેની ઢક પેરવેશ,**

**રાજા જાદવ વંશ રા, ડોલરિયો કચ્છ દેશ."**

કચ્છી ભાષાનો આ દુહો એક હજાર વર્ષ જૂનો છે છતાં, પણ આજે પણ લોકમુખે એટલો જ વખણાયેલો છે.આ ઉપરાંત દુલેરાય કારાણીએ કચ્છી લોકસાહિત્યમાં ઐતિહાસિક દુહાઓ પણ આપેલા છે. જેના થકી ભાવક વર્ગને કચ્છના જૂના ઇતિહાસની જાણકારી મળી રહે. આ દુહાઓમાં કચ્છની  લોકકથાઓ અને કચ્છના જૂના કવિઓની વિગતો મળે છે.

દુલેરાય કારાણીએ કચ્છના ગામડે-ગામડે ફરીને કચ્છના  લોકગીતો  એકઠાં કર્યા હતા, જેમાં તેમણે ઘણી બધી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. 'વારી રે અમરસંગ', 'છપ્પનિયાનું લોકગીત', 'રવેચીના ચોર', 'દેદાનો રાસડો', 'વનમાં પીલું પાકયાં', 'મોર તો ટીલ્લો!', 'નાખવાનું ગીત' વગેરે જેવા અનેક લોકગીતો એમણે મહામહેનતે  કચ્છીની ભલી-ભોળી પ્રજા પાસેથી મેળવ્યા. લોકગીતોની સાથે જ તેમણે કચ્છી લગ્નગીતો પણ સારા પ્રમાણમાં સંગૃહિત કર્યા હતા. જે આવનારી ભાવિ પેઢી માટે પોતાના સંસ્કારો અને સંસ્કૃતિનું મહત્વ સમજવા માટે ખૂબ જ ઉપયોગી બની રહેશે.

દુલેરાય કારાણીએ 'કચ્છી પિરોલી' સંશોધન સંપાદન કરેલું છે. 'પિરોલી' કચ્છી ભાષાનો શબ્દ છે. ગુજરાતીમાં આપણે જેને 'ઉખાણાં' કહીએ છીએ તેને  કચ્છી ભાષામાં 'પિરોલી' કહેવામાં આવે છે.  દુલેરાય કારાણી  આ પિરોલી સાહિત્યને કચ્છી અને ગુજરાતી એમ બંને ભાષામાં  ભાવાર્થ સાથે આપે  છે. આ  પિરોલી સાહિત્યથી  કચ્છી સાહિત્યની સમૃદ્ધિનો  આપણને ખ્યાલ આવે છે. આ પૂર્વે આ પિરોલી રચનારા  ઘણા સર્જકો  હતા, જે અનાયાસે જ આવી પિરોલીની રચના કરતા. લોકજનના જીભે રમતી આવી ઘણી  પિરોલી પ્રખ્યાત બની છે. આજના સમયે સ્માર્ટફોનનો વધારે ઉપયોગ કરતાં બાળકોની  તર્કશક્તિ ઓછી થતી જાય છે ત્યારે આ પિરોલી  બાળકોની તર્કશક્તિ ખિલવવામાં મદદરૂપ થઇ શકે છે.

"**થોરમાં દીઠી, ઉતમ નામવાળી નારી,**

**અંગે-લિંગે રૂપાળી, કાળા મોંવાળી કુંવારી."** -ચણોઠી

**"રાની રૂપાળી ને કુંવર કાળો"** -રાયણ અને ઠળિયો

**"સાંજી જનમઇ,રાત થઈ પેણછ,ડીં ઉગો ત હલઈ વઈ"** - હોળી

દુલેરાય કારાણીએ ઐતિહાસિક નવલકથાઓનું પણ સર્જન કરેલું છે. જે તેમના સાહિત્યસર્જનમાં આગવી છાપ પાડે છે. 'જામ ચનેસર', 'જામ રાવળ', 'જામ અબડો અભંગ', 'જામ લક્ષરાજ' જેવી ચાર નવલકથાઓ એમણે આપી છે. આ નવલકથાઓમાં કચ્છના રાજવીઓની વીરગાથાઓ, કચ્છનો ઇતિહાસ અને અનેક દંતકથાઓનો પ્રયોગ કરેલો છે. આ ઉપરાંત નવલકથાઓ વાંચતાં આપણને તે સમયનું લોકજીવન અને રાજવીઓની વિગતો મળી આવે છે.

**'મિઠે મેરાણ જા મોતીડા'** નામના પુસ્તકમાં દુલેરાય કારાણીએ કચ્છી ભાષાના સુભાષિતો આલેખ્યા છે.આ સુભાષિતોમાં જીવનના વિવિધ ભાવો નિરૂપવામાં આવ્યા છે. જેમાં સુખ, દુઃખ, વેદના, વિરહ, હાસ્ય, નીતિ, કરુણા, ત્યાગ વગેરે જોવા મળે છે. આ સુભાષિતો જીવનના અનુભવો, વિચારોનો સરવાળો છે. એક એક સુભાષિતો મોતી સમાન છે.

**"બખ ગિનણી,ત બરૂકે સે,ટેકો ડિણું ટૂંકે કે"**

**( બાઝવું તો બળવાન સાથે, ટેકો દેવો તો નબળાને )**

જેમ ઝવેરચંદ મેઘાણી 'સૌરાષ્ટની રસધાર' રચી, એમ દુલેરાય કારાણીએ કચ્છના મહાન વીરલાઓની કથાઓને 'કચ્છની રસધાર' પુસ્તકમાં આલેખી છે. આ લોકકથાઓમાં એવા મહાન ચરિત્રોની વાત કરવામાં આવી છે જેમણે પોતાના જીવન દરમિયાન સમાજને માટે મોટા બલિદાનો અને કામો કર્યા હતા.જેમાં સાહિત્યનો શહીદ હાજી મહમ્મદ અલારખ્યા શિવજી, વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણઇન્દ્રજી, પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા,જગડું દાતાર, જેસલ-તોરલ વગેરેની કથાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

પ્રોફેસર રશબ્રૂક વિલિયમ્સે ૩૦ વર્ષથી પણ વધારે વર્ષો કચ્છમાં ગાળ્યા હતા. તેમને શરૂઆતથી જ કચ્છના ઇતિહાસ અને કચ્છની પ્રજા પ્રત્યે આકર્ષણ રહ્યું હતું. જેના પરિણામે તેમણે **'બ્લેક હિલ્સ ઑફ કચ્છ'** નામનું અંગ્રેજી પુસ્તક લખ્યું. આ પુસ્તક ગુજરાતની પ્રજા વાંચી શકે તે માટે એમનું ગુજરાતીમાં ભાષાંતર કરવાનો જ્યારે એમને વિચાર આવ્યો ત્યારે તેમણે દુલેરાય કારાણીને આ કામ માટે પસંદ કર્યા. દુલેરાયે આ પુસ્તકને **'કારા ડુંગર કચ્છ જા'** નામે પ્રસિદ્ધ કર્યું. આ પુસ્તકમાં કચ્છની ઐતિહાસિક બાબતોનું વર્ણન કરેલું છે. પ્રાચીન કચ્છ અને પ્રોફેસર રશબ્રુકના સમયના કચ્છની સ્થિતિ કેવી હતી એનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. દુલેરાય કારાણીના આ ભાષાંતરથી ખુશ થઈને રસબ્રુક વિલિયમ્સે કારાણીને કચ્છના જેમ્સ ટોડની ઉપાધિ આપી હતી. એક અંગ્રેજ દુલેરાય કારાણીને

જેમ્સ ટોડ સાથે સરખાવે  ત્યારે દુલેરાય કારાણીની પ્રતિભા જાણે સોળે કળાએ ખીલી ઊઠે છે. જે એક ગુજરાતી તરીકે આપણા માટે ગર્વની બાબત છે.

દુલેરાય કારાણી કચ્છી હાસ્યરસ કવિતાઓની રચનાઓ પણ કરેલી છે જેમાં તેમણે નાનકડી વાત કેવી રમૂજપૂર્વક મુકી શકાય તેના દાખલાઓ આપ્યા છે. 'ધીલ્લી જારુઈ', 'ધૂફિજા ધરબાર', 'મૂરખેં જો મેડાવો', 'કંજૂસ  કરાર' વગેરે જેવી રચનાઓ  વાંચતાં સ્મૃતિપટ પર એક અલગ જ છાપ છોડી જાય છે.

આમ, દુલેરાય કારાણીએ  વૈવિધ્યસભર સાહિત્યની રચના કરેલી  છે. મૂળે તો એ લોકસાહિત્યના જીવ હતા. કચ્છના લોકસાહિત્યનું કામ - એક યુનિવર્સિટી કે સંસ્થા કરે એટલું કામ એકલા હાથે  દુલેરાય કારાણીએ  જીવનપર્યંત કર્યું. જીવનના અંતિમ સમયે  શરીરમાં  ઘણી તકલીફો હોવા છતાં, એ પ્રવૃત રહ્યા તે એક સાચા સાહિત્યપ્રેમીની નિશાની છે.તેમના કચ્છી  સાહિત્યમાં કરેલાં ઉત્તમ યોગદાન માટે એમને ઘણાં પુરસ્કારો અને સમ્માનો મળ્યા છે.

શિષ્ટ સાહિત્યથી માંડીને લોકસાહિત્યના બધા જ સ્વરૂપો દુલેરાય કારાણીએ ખેડયા છે. જેમાં તેમને બહુ બધી પ્રતિષ્ઠા મળી છે. કચ્છના લોકસાહિત્ય સંશોધન સંપાદનનું કાર્ય  દુલેરાય પૂર્વે પણ થયું છે, પણ જે કામ દુલેરાયે કર્યું અને જેટલા પ્રમાણમા કર્યું એ અમૂલ્ય બની રહ્યું છે. કચ્છી સાહિત્યમાં દુલેરાયના સાહિત્યનું એટલું પ્રદાન છે કે દુલેરાયના સાહિત્ય પરથી  આખો એક યુગ ચાલ્યો. કચ્છના મેઘાણી તરીકે આજે તેમની  કીર્તિ દસે દિશાઓમાં ફેલાયેલી જોવા મળે છે.

દુલેરાયની રચેલી આ કાવ્યપંક્તિઓ આજે પણ કચ્છના લોકોમાં ખૂબ લોકપ્રિય બનેલી છે :

**" કચ્છડો ખેલે ખલકમેં, જી મહાસાગરમેં મચ્છ,**

**જીત હિકડો કચ્છી વસે, ઉતે ડીયણો કચ્છ."**

દુલેરાય કારાણી અંગે વાત કરતાં ઝવેરચંદ મેઘાણી નોંધે છે કે, **"કોઈને કાંકરા જેવી કઠોર,તો કોઈને જડસુ જણાતી,સાહિત્યમાંથી અવગણના પામેલી આ કચ્છી લોકવાણીના સામર્થ્યને પકડનાર તેમજ પુત્રવત અનુરાગે તેના ખોળામાં રમણ કરનાર ભાઈ કારાણીનું ગુજરાત સવિશેષ ઋણી રહેશે.એણે એક પ્રાણવાન પ્રાંત-બોલીને જીવતી કરી છે. બનાવટી પ્રાણવાયુ ફૂંકીને નહીં પણ એના અસલ વતનપ્રેમની ચેતના સીંચીને જીવતી રાખી છે."**

## સંદર્ભ સૂચિ :


કારાણી, દુલેરાય.(૨૦૧૬) કચ્છડો બારે માસ. દુલેરાય કારાણી  સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ વતી. સંસ્કાર સાહિત્ય મંદિર, અમદાવાદ

ગોર, ડૉ.કાન્તિ અને પેથાણી, રવિ. (૨૦૨૦) દુલેરાય કારાણી સાહિત્યવૈભવ. વિવેકગ્રામપ્રકાશન, માંડવી (કચ્છ)

જાદવ, જોરાવરસિંહ. (૧૯૭૨). કારાણીકુંજ કવિશ્રી દુલેરાય કારાણી અમૃત મહોત્સવ ગ્રંથ
૧.તુલસીદાસ શેઠ ( કવિ શ્રી દુલેરાય કારાણી સમ્માન સમિતિ અધ્યક્ષ),ભુજ

પરમાર મધુ એલ.
Ph.D. રિસર્ચ સ્કોલર (CUG)